ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

નડિયાદમાં જમીન માફિયા અને અસામાજિક તત્વો સામે પોલીસનો મોટો સપાટો

નડિયાદ પાલિકાના પૂર્વ કાઉન્સિલર ભાનુ ભરવાડ અને તેના પુત્ર સામે 'ગુજસીટોક' દાખલ કરાયો

સુપ્રીમમાંથી જામીન મેળવી ગુનાહિત સામ્રાજ્ય ચલાવનાર ભૂમાફિયાઓ પર કાયદાનો સિકંજો

(પ્રતિનિધિ) નડિયાદ, તા. ૧૪

નડિયાદ શહેર અને આસપાસના ગામોમાં લાંબા સમયથી સરકારી તથા ખાનગી જમીનો પચાવી પાડવા, ખંડણી વસૂલવા અને ગુનાહિત પ્રવૃત્તિઓથી આતંક મચાવનાર નડિયાદ નગરપાલિકાના પૂર્વ કાઉન્સિલર ભાનુ ભરવાડ અને તેના પુત્ર નવઘણ ભરવાડ સામે ખેડા જિલ્લા પોલીસે આખરે ગુજરાત કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ (ગુજસીટોક) હેઠળ ગંભીર ગુનો નોંધી બંને આરોપીઓને ઝડપી લીધા છે. સંગઠિત ગુનાખોરી અને જમીન માફિયાઓ સામે પોલીસે હાથ ધરેલી આ કડક કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

આ બાપ-દીકરાનો ભૂતકાળ અત્યંત ગુનાહિત રહ્યો છે. ભાનુ ભરવાડ સામે અગાઉ સરકારી તેમજ ખાનગી જમીનો હડપ કરવાના લેન્ડ ગ્રેબિંગના અનેક કેસો ઉપરાંત મારામારી, અપહરણ અને ધમકી આપવાના ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. ભૂતકાળમાં કોર્ટ દ્વારા સજા ફટકારવામાં આવી હોવા છતાં સુપ્રીમ કોર્ટમાંથી જામીન મેળવી છૂટી જતા હતા અને ફરીથી ગુનાહિત દુનિયામાં સક્રિય થઈ જતા હતા. કાયદાની છટકબારીઓનો વારંવાર ગેરલાભ લેવાની તેમની નીતિ સામે કાયમી લગામ કસવા માટે પોલીસ તંત્રે આખરે ગુજસીટોકનું કડક શસ્ત્ર ઉગામ્યું છે.

આજીવન કેદની સજા ફટકારાઈ ચૂકી છે

પોલીસ ચોપડે નોંધાયેલી વિગતો મુજબ, ભાનુ ભરવાડ સામે વર્ષ ૨૦૦૨ માં અપહરણ અને કાવતરાના ગુનામાં કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી. જ્યારે તેના પુત્ર રાજેશ ઉર્ફે નવઘણ ભરવાડને વર્ષ ૨૦૧૬ માં હત્યાના ગંભીર ગુનામાં આજીવન કેદની સજા થઈ હતી. આમ, બંને બાપ-દીકરા અગાઉથી જ ગંભીર કેસોમાં સજા પામેલા રીઢા ગુનેગારો છે.

આ હાઈપ્રોફાઈલ કેસની તપાસ નાયબ પોલીસ અધિક્ષક વિક્રમ સોલંકીને સોંપવામાં આવી છે, જેઓ પિતા - પુત્રની તમામ અનામી મિલકતો અને ભૂતકાળના ગુનાઓની કુંડળી ખંગાળી રહ્યા છે. ખેડા જિલ્લા પોલીસ બંનેને કોર્ટમાં રજૂ કરી સઘન પૂછપરછ માટે રિમાન્ડની માંગણી કરશે. આ ઉપરાંત ગેંગ સાથે સંકળાયેલા અન્ય સાગરીતો સુધી પહોંચી આખી ગેંગનો સફાયો કરવાની દિશામાં પોલીસે તૈયારીઓ આરંભી છે.

સિવિલના તબીબ પર દબાણ કરી માર માર્યાની ખોટી વર્ધી લખાવ્યાનો ખુલાસો

નડિયાદમાં પોલીસ અધિકારીને ફસાવવાનું ષડયંત્ર ઉજાગર થયું

વકીલ અને કાઉન્સિલર સહિત ૩ સામે ફરિયાદ નોંધાઇ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

નડિયાદની નિર્મલ નગર સોસાયટીના કોમન પ્લોટ વિવાદમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા ગયેલા નાયબ પોલીસ અધિક્ષક વિમલકુમાર બાજપાઈ સહિતના પોલીસ અધિકારીઓને ખોટા કેસમાં ફસાવવાનું મોટું કાવતરું સામે આવ્યું છે. સિવિલ હોસ્પિટલમાં તબીબ અને પોલીસ કર્મચારી પર દબાણ લાવી માર માર્યાની ખોટી વર્ધી લખાવવા બદલ વકીલ હર્ષ પરીખ, કાઉન્સિલર બાલાભાઈ ભરવાડ અને વિનુભાઈ ભરવાડ સામે ફરિયાદ નોંધાતાં ચકચાર મચી છે.

નડિયાદની નિર્મલ નગર સોસાયટીમાં નવરાત્રી નિમિત્તે રહીશો દ્વારા પ્લોટની સાફસફાઈ દરમિયાન નાગજીભાઈ ભરવાડે અડચણ ઊભી કરી હતી. સ્થળ પર પહોંચેલા નાયબ પોલીસ અધિક્ષક વિમલકુમાર બાજપાઈ પૂછપરછ કરી રહ્યા હતા ત્યારે નાગજીભાઈના પુત્રો (વિનુભાઈ અને બાલાભાઈ) એ પિતાને જોરજોરથી ખખડાવતાં નાગજીભાઈ જમીન પર ઢળી પડ્યા હતા.

આથી, વૃદ્ધને સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતાં. બાદમાં નાયબ પોલીસ અધિક્ષક અને કોન્સ્ટેબલે માર માર્યો હોવાની ટેલિફોનિક વર્ધી પોલીસ સ્ટેશનમાં મોકલાઈ હતી. આ અંગે તપાસ દરમિયાન માલૂમ પડ્યું કે વકીલ હર્ષ પરીખે સુપ્રીમ કોર્ટના વકીલ હોવાની ઓળખ આપી ફરજ પરના ડોક્ટર દલવાડી અને કોન્સ્ટેબલ અજીતસિંહ પર ભારે દબાણ લાવીને આ ખોટી વર્ધી લખાવી હતી. આ વિવાદિત પ્લોટ અંગે અગાઉ લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ થઈ ચૂકી છે અને આરોપીઓએ ગુજરાત હાઈકોર્ટમાં પ્લોટ ખાલી કરી આપવાની બાંહેધરી આપેલી હતી.

આણંદ પાસે ઢાબાની આડમાં ઈંધણ ચોરીનું કૌભાંડ પકડાયું

પેટ્રોલીયમ કંપનીના ટેન્કરમાંથી ડિઝલ કાઢતા ચાર પકડાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

આણંદ પાસેથી પસાર થતાં અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર બોરીયાવી ગામની સીમમાં આવેલા 'રાજપુરોહિત રાજસ્થાની ઢાબા એન્ડ દાલબાટી' હોટલ પાછળ ઈંધણના ટેન્કરોમાંથી માસ્ટર કી વડે પેટ્રોલ-ડીઝલની ચોરી કરવાના મોટા કૌભાંડનો સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા પર્દાફાશ કરાયો છે. આ દરોડા દરમિયાન ટેન્કર, પેટ્રોલ-ડીઝલ અને અન્ય સાધન-સામગ્રી મળી કુલ ૪૩,૨૫,૫૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે બાતમીના આધારે પંચો સાથે ઓચિંતો દરોડો પાડતા, હોટલના પાર્કિંગમાં પડેલા ટેન્કર (GJ-38-T-6798) માંથી માસ્ટર કી વડે લોક ખોલી ડોલ તથા કેરબાઓમાં ડીઝલ કાઢવાની પ્રક્રિયા ચાલુ હાલતમાં પકડાઈ ગઈ હતી. ચોરી કરેલા ઈંધણના ગેરકાયદે સંગ્રહ માટે આરોપીઓ પાર્કિંગમાં ઉભેલી એક બંધ ટ્રકની ફ્યુઅલ ટેન્કનો ઉપયોગ કરતા હતા.

આથી, પોલીસે સ્થળ પરથી ટેન્કર ચાલક નટવર કેહુભાઈ લકુમ, હોટલ કર્મચારી સ્વરૂપસિંહ ભુરસીંહ રાજપુરોહિત, હોટલ માલિક ધનસીંગ સોહનસીંગ રાજપુરોહિત તથા ચોરીનું સસ્તું ડીઝલ ખરીદવા આવેલા ડમ્પર માલિક લક્ષ્મણ જેસંગ ભરવાડને ઝડપી આણંદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ આપી હતી.

મનપાના ૧.૭૩ લાખથી વધુનો બાકી વેરો ન ભરનાર ૮ દુકાનો- પ્રોપર્ટીઓ પર તાળું વાગ્યું

આણંદમાં વેરા વસૂલાત ઝુંબેશના બીજા દિવસે વધુ ૮ મિલકતો સીલ

ટેક્સ રિકવરી ટીમે એક જ દિવસમાં ૧.૪૦ લાખનો બાકી વેરો વસૂલ કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

કરમસદ - આણંદ મનપાના ટેક્સ વિભાગ દ્વારા બાકી મિલકત વેરાની વસૂલાત માટે હાથ ધરવામાં આવેલી ખાસ આક્રમક ઝુંબેશ બીજા દિવસે પણ યથાવત રહી છે. મનપાની રિકવરી ટીમે બાકી વેરો ચૂકવવામાં આનાકાની કરનાર મિલકત ધારકો સામે લાલ આંખ કરીને આજે વધુ 8 દુકાનો તથા પ્રોપર્ટીઓને તાત્કાલિક અસરથી સીલ કરી દીધી છે. આ ઉપરાંત, તંત્રની કડક કાર્યવાહી વચ્ચે ટેક્સ વિભાગે એક જ દિવસમાં 1.40 લાખનો બાકી મિલકત વેરો વસૂલ કરવામાં સફળતા મેળવી છે.



કરમસદ - આણંદ મનપા વિસ્તારમાં બાકી વેરાની વસૂલાત માટે ટેક્સ વિભાગ અને રિકવરી ટીમ દ્વારા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. બુધવારે ઝુંબેશના બીજા દિવસે, કુલ 1,73,447 નો બાકી વેરો ભરપાઈ ન કરનાર 8 દુકાનો તથા મિલકતો સામે તાત્કાલિક સીલિંગની આકરી કાર્યવાહી કરવામાં આવી હતી. મનપા તંત્ર દ્વારા આ મિલકતોને સીલ મારીને વહેલામાં વહેલી તકે બાકી વેરાની રકમ ભરપાઈ કરવામાં આવે તેવી નોટિસ પણ આપવામાં આવી છે.

બીજી તરફ, મનપાની ટેક્સ રિકવરી ટીમની સતત કામગીરીને કારણે આજે એક જ દિવસમાં રૂપિયા 1.40 લાખનો બાકી મિલકત વેરો વસૂલ કરાયો હતો. મનપાના ટેક્સ વિભાગના અધિકારીઓએ આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, જે મિલકત ધારકોનો વેરો ભરવાનો બાકી હોય તેમણે કોઈપણ જાતનો વિલંબ કર્યા વિના વહેલામાં વહેલી તકે મનપા કચેરી ખાતે રકમ જમા કરાવી દેવી.

મનપાના અધિકારીઓએ આકરો સૂર ઉચ્ચારતા જણાવ્યું હતું કે, ટેક્સ વિભાગની રિકવરી ટીમ દ્વારા બાકી વેરો જમા કરાવવા અંગેની આ ઝુંબેશ સતત ચાલુ રહેશે.

આણંદમાં કચરો ડોર ટુ ડોર ગાડીમાં જ આપવા અપીલ

ગંદકી કરનાર સામે કાયદાકીય કાર્યવાહી કરવા મનપાની ચીમકી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

કરમસદ-આણંદ મનપા દ્વારા શહેરને સ્વચ્છ રાખવાના હેતુથી નગરજનોને પોતાના ઘરનો કચરો દરરોજ આવતી ડોર-ટુ-ડોર કચરા ગાડીમાં જ આપવા ખાસ અપીલ કરવામાં આવી છે. મનપા દ્વારા રસ્તાઓની સાફ-સફાઈ થયા બાદ જાહેરમાં ગંદકી ફેલાવતા રહીશો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી છે.

કરમસદ-આણંદ મનપાના સેનિટેશન વિભાગના સફાઈ કર્મયોગીઓ દ્વારા વિસ્તારના તમામ રોડ-રસ્તાઓની નિયમિત સાફ-સફાઈ કરવામાં આવે છે. જોકે, સફાઈ થઈ ગયા બાદ પણ ઘણા નગરજનો જાહેર રસ્તા પર કચરો નાખી ગંદકી કરતા હોવાનું સામે આવ્યું છે, જેથી આવા લોકોને ચેતવણી રૂપે નોટિસ પણ આપવામાં આવી છે.

આમ છતાં, જો હવે પછી કોઈપણ નગરજન દ્વારા સફાઈ બાદ રસ્તા પર કચરો નાખવામાં આવશે કે ગંદકી કરાશે, તો તેમની સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરાશે. હાલમાં મહાનગરપાલિકા દ્વારા જાહેર રસ્તાઓ સાફ કર્યા બાદ પાવડરનો છંટકાવ કરીને મહાનગરને સ્વચ્છ રાખવાનું વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, જેમાં પૂર્ણ સહયોગ આપવા નગરજનોને ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

મહેમદાવાદ પાલિકામાં રાજકીય ભડકો , કલેક્ટરને અવિશ્વાસની દરખાસ્ત સોંપી

મહેમદાવાદ નપાના પ્રમુખ સામે ભાજપના દસ સભ્યોનો બળવો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

ખેડા જિલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. ચકલાસી નગરપાલિકાના વિવાદ બાદ હવે મહેમદાવાદ નગરપાલિકામાં સત્તાધારી ભાજપના જ ૧૦ સભ્યોએ પોતાના પ્રમુખ પ્રશાંતભાઈ પટેલ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરતા ભાજપ છાવણીમાં દોડધામ મચી ગઈ છે અને સ્થાનિક રાજકારણમાં ભૂકંપ સર્જાયો છે.

મહેમદાવાદ નગરપાલિકામાં ભાજપ ૧૮ સભ્યોની સ્પષ્ટ બહુમતી ધરાવે છે. પરંતુ પ્રમુખ દ્વારા ચૂંટાયેલા સભ્યોને વિશ્વાસમાં લીધા વિના જ વિકાસના કામો અને નિર્ણયો લેવાતા હોવાના ગંભીર આક્ષેપો સાથે સભ્યોએ બળવો કર્યો છે. પ્રમુખની આપખુદશાહી ભરી નીતિઓ, પક્ષપાત અને કાયદાકીય જોગવાઈ વગર લેવાતા નિર્ણયોના કારણે નગરપાલિકાનો વહીવટ ખાડે ગયો હોવાની રજૂઆત કરવામાં આવી છે.

આથી, નારાજ ૧૦ સભ્યોએ એકજૂથ થઈને ખેડા કલેક્ટર અને નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિતમાં અવિશ્વાસની દરખાસ્ત સોંપી છે. પ્રમુખ સભ્યોની બહુમતીનો વિશ્વાસ ગુમાવી ચૂક્યા હોવાથી ૧૫ દિવસની અંદર ખાસ સામાન્ય સભા બોલાવી મતદાન કરાવવા માંગ કરાઈ છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ ૩૬ મુજબ, જેમના વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત હોય તેવા પ્રમુખ આ સભાનું અધ્યક્ષસ્થાન ન સંભાળે અને અન્ય સક્ષમ વ્યક્તિ દ્વારા સભાનું સંચાલન કરવામાં આવે તેવી લેખિત માંગણી કરાઈ છે. આ અવિશ્વાસની દરખાસ્ત લાવનારમાં પ્રેરક જોષી, રાકેશસિંહ સોઢા, હિનલ વ્યાસ, વર્ષા વાઘેલા, પાર્વતી વાઘેલા, માલાબેન પટેલીયા, મુકેશ ખલાસી, સુશીલ કહાર, નિલેશ વાઘેલા અને રણછોડભાઈનો સમાવેશ થાય છે.

પેટલાદ તાલુકાના કાણીયામાં કરોડોની જમીન પચાવી પાડી

વડીલોપાર્જિત જમીન પરત માંગતા માલિકને મારી નાખવાની ધમકી આપી

(પ્રતિનિધિ) પેટલાદ, તા.૧૪

પેટલાદના કાણીયા ગામે આવેલી સંયુક્ત માલિકીની વડીલોપાર્જિત જમીન ગેરકાયદેસર રીતે પચાવી પાડી, મૂળ માલિક મહિલા અને તેમના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે પોલીસે ગુનો નોંધ્યો હતો.

રૂપિયાપુરા ખાતે રહેતા બીરજુબેન હિતેશભાઈ પટેલ (ઉં.વ. ૪૪)ની કાણીયા ગામની સીમમાં વડીલોપાર્જિત જમીન આવેલી છે. આ જમીન તેમના પિતા મફતભાઈ પટેલે આશરે વીસેક વર્ષ અગાઉ ગામના કનુ જેઠાભાઈ તળપદા અને હસમુખ જેઠાભાઈ તળપદાને ખેડવા આપી હતી અને તેઓ ઉપજનો અડધો ભાગ આપતા હતા. જોકે, વર્ષ ૨૦૨૦માં પિતાના અવસાન બાદ આ બંને શખ્સોએ ઉપજનો ભાગ આપવાનું બંધ કરી દીધું હતું. બીજી તરફ પિતાના નિધન બાદ જમીન પરત માંગતા આ શખસોએ મારી નાંકવાની ધમકી આપી હતી. આ મામલે બીરજુબેને આણંદ કલેક્ટર કચેરીમાં અરજી કરી હતી. જેની તપાસના અંતે કલેક્ટર કચેરી દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવા હુકમ કરવામાં આવતા, તેના આધારે પેટલાદ રૂરલ પોલીસે કનુ તળપદા અને હસમુખ તળપદા સામે ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

એસએમસીના દરોડોમાં મુખ્ય સૂત્રધાર સહિત ૪ ઝબ્બે , ૨ ફરાર

વાસદ પાસે ટેન્કરોમાંથી કરોડોનું કેમિકલ ચોરીનું કૌભાંડ ઝડપાયું

કંડલાથી વડોદરા જતા ટેન્કરમાંથી કેમિકલ ચોરી કરી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

વાસદ પાસેના બગોદરા-વાસદ હાઇવે પર દાંતેલી બસ સ્ટેન્ડ નજીક રાત્રિના સમયે ટેન્કરોમાંથી કિંમતી અને જોખમી ઔદ્યોગિક કેમિકલ ચોરી કરવાના મોટા કૌભાંડનો ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે મોડી રાત્રે ઓચિંતો દરોડો પાડીને પર્દાફાશ કર્યો છે.

ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ધર્મેન્દ્રસિંગ ઉર્ફે મુન્ના રાજપૂત તારાપુર ચોકડીથી વાસદ જતા સર્વિસ રોડ પર દાંતેલી ગામના બસ સ્ટેન્ડ નજીક અંધારાનો લાભ લઈ કંડલાથી વડોદરા જતાં ટેન્કરોમાંથી કિંમતી કેમિકલની ચોરી કરાવી રહ્યો છે. એસએમસીની ટીમે રાત્રિના સાડા અગિયાર વાગ્યાના અરસામાં દરોડો પાડીને વાલ્વ બોક્સ ખોલી પ્લાસ્ટિકના બેરલ અને કેનમાં કેમિકલ ભરતા આરોપીઓને કોર્ડન કરી લીધા હતા.

આ દરોડામાં પોલીસે સ્થળ પરથી મુખ્ય સૂત્રધાર ધર્મેન્દ્રસિંગ ઉર્ફે મુન્ના રાજપુત, રાજનસિંગ રાજપુત, ટેન્કર ડ્રાઈવર રામવિકાસ મનીરામ યાદવ અને એક સગીરને ઝડપી લીધા હતા. જ્યારે અન્ય એક ટેન્કર ડ્રાઈવર વિજય અને કારીગર વિવેક અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા હતા. આ અંગે પૂછપરછમાં બહાર આવ્યું કે કંડલા બંદરેથી વડોદરા ખાતે લઈ જવાતું '2-ઈથાઈલ હેક્ઝાનોલ' કેમિકલ ડ્રાઈવરો સાથે મળી પ્રતિ કિલો ૫૦ના ભાવે ચોરી કરી ટ્રેક્ટર ચાલકોને ડીઝલના વિકલ્પ તરીકે ૮૦માં વેચવામાં આવતું હતું.

આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર મુન્ના રાજપુત વિરુદ્ધ આ અગાઉ પણ સુરેન્દ્રનગરના સાયલા પોલીસ સ્ટેશનમાં કેમિકલ ચોરીનો કેસ નોંધાયેલો છે. આ સમગ્ર મામલે એસએમસી દ્વારા પેટલાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી ૧,૨૯,૪૦,૦૭૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

લુણાવાડા:મકાનમાંથી ૧.૯૦ લાખના મુદ્દામાલની ચોરી

પરિવાર મહારાષ્ટ્ર દર્શનાર્થે ગયો અને તસ્કરો ત્રાટક્યાં

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૪

લુણાવાડા શહેરની જૈન સોસાયટીમાં રહેતા વેપારીનો પરિવાર મહારાષ્ટ્ર દર્શનાર્થે ગયો હતો તે દરમિયાન અજાણ્યા તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી ૩૦ હજારની રોકડ અને ૧.૬૦ લાખની કાર મળી કુલ ૧.૯૦ લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ જતાં પંથકમાં ચકચાર મચી છે.

લુણાવાડા બસ સ્ટેન્ડ પાછળ 'સ્મિત ફેશન' ધરાવતા ૩૪ વર્ષીય વેપારી કર્ણિક કેતનકુમાર ગાંધી ૧૧ ઓક્ટોબરે પરિવાર સાથે મહારાષ્ટ્રના અકોલા સ્થિત અંતરીક્ષ પાર્શ્વનાથ તીર્થ દર્શનાર્થે ગયા હતા. તેઓ પોતાની કાર કમ્પાઉન્ડમાં મૂકી, ચાવી અંદર લટકાવી ઘરને લોક કરીને નીકળ્યા હતા. જોકે, ૧૨મીની વહેલી સવારે કમ્પાઉન્ડનો ગેટ ખુલ્લો હોવાની જાણ થતાં પરિવાર પરત ફર્યો હતો. આ અંગે તપાસ કરતા માલૂમ પડ્યું કે તસ્કરોએ ઘરની પાછળની બારીના સળિયા કાપી ઘરમાં પ્રવેશ કર્યો હતો. આ તસ્કરોએ સ્ટોર રૂમનું તાળું તોડી વેપારના ૩૦ હજાર રોકડા તથા ઘરમાં લટકાવેલી ચાવી મેળવી કમ્પાઉન્ડમાં પડેલી ૧.૬૦ લાખની કાર ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ બનાવ અંગે વેપારીએ લુણાવાડા પોલીસ મથકે અજાણ્યા ચોરો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

નડિયાદ શહેરના ગરબા મહોત્સવમાં ફૂડ સેફટી વિભાગની સઘન તપાસ

અયોગ્ય ખાદ્યસામગ્રીનો નાશ કરાયો, ૧૧ વેપારીઓને સ્થળ પર નોંધણી કરાઇ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

નડિયાદમાં નવરાત્રી તહેવાર નિમિત્તે નવદુર્ગા અને નવરંગ ગરબા મહોત્સવ દરમિયાન ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ વાનના સ્ટાફ દ્વારા ખાદ્ય પદાર્થોના સ્ટોલ્સ પર સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. ત્રણ દિવસમાં કુલ 68 સ્થળોની તપાસ કરવામાં આવી હતી, જે દરમિયાન અયોગ્ય અને વપરાશ માટે



નુકસાનકારક ખાદ્ય સામગ્રીનો સ્થળ પર જ નાશ કરાયો હતો તથા 470 લોકોને ખાદ્ય સુરક્ષા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

નડિયાદની ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ વાનની તપાસ દરમિયાન તળેલા તેલના ટોટલ પોલર કમ્પાઉન્ડ, કોલ્ડ ડ્રિંક્સ તેમજ મીઠાના નમૂનાઓનું સ્થળ પર જ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે 31 સ્થળોની તપાસ કરી 21 ખાદ્ય નમૂનાનું ટેસ્ટિંગ કરાયું હતું. આ દરમિયાન રૂ. 6,200ની કિંમતના 150 પીસ પનીર કુલ્ચા, 30 હોટડોગ અને 12 કિલો રંગીન બેટરનો નાશ કરવામાં આવ્યો હતો.

બીજા દિવસે નવરંગ ગરબા મહોત્સવ ખાતે 20 સ્થળોનું નિરીક્ષણ કરી 14 ટેસ્ટિંગ કરવામાં આવ્યા હતા. જેમાં અંદાજે રૂ. 300ની કિંમતના 4.5 લિટર વપરાયેલા રસોઈના તેલનો નાશ કરાયો હતો. જ્યારે ત્રીજા દિવસે 17 સ્થળોનું નિરીક્ષણ કરી 8 ટેસ્ટિંગ કરાયા હતા. આ દિવસે રૂ. 900ની કિંમત ધરાવતા 5 લિટર રંગીન પાણી અને 6 લિટર એક્સપાયર્ડ આઈસ્ક્રીમ ફ્લેવરનો નાશ કરાયો હતો. આ સાથે 11 ફૂડ બિઝનેસ ઓપરેટર્સને નોંધણી આપવામાં આવી હતી.

ચરોતરમાં નર્સરી બનાવવા માટે પોર્ટલ પર અરજી શરૂ

નેશનલ હોર્ટીકલ્ચર મિશન હેઠળ નર્સરી માટે ૨૫મી સુધી અરજી કરી શકાશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

નડીયાદ સ્થિત નાયબ બાગાયત નિયામકની કચેરી દ્વારા ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે કેન્દ્ર પુરસ્કૃત મિશન ફોર ઈન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર - નેશનલ હોર્ટીકલ્ચર મિશન યોજના હેઠળ મોટી અને નાની નર્સરીના ઘટકો માટે આઈ-ખેડુત પોર્ટલ ૧૦મી ઓક્ટોબરથી ૨૫મી ઓક્ટોબર સુધી ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

નડીયાદ સ્થિત નાયબ બાગાયત નિયામકની કચેરી દ્વારા યુનિટ કોસ્ટ રૂ. ૩૦ લાખ પ્રતિ હેક્ટરના ૪૦% લેખે પ્રો-રેટા મુજબ સહાય મળવાપાત્ર રહેશે. યુનિટ કોસ્ટ રૂ. ૨૦.૦૦ લાખ પ્રતિ હેક્ટરના ૪૦% લેખે પ્રો-રેટા મુજબ સહાય મળવાપાત્ર રહેશે. આદિજાતિ અને અનુસૂચિત વિસ્તારો માટે નીચલી મર્યાદા ૦.૫૦ હેક્ટર રહેશે અને સહાય પ્રો-રેટા મુજબ મળશે.

આ યોજનાનો લાભ લેવા માંગતા ખેડૂતોએ I-khedut Portal 2.0 ની વેબસાઈટ www.ikhedut.gujarat.gov.in પર પ્રથમ નોંધણી કરવાની રહેશે. નોંધણી કર્યા બાદ ઓનલાઈન અરજી કરી જરૂરી કાગળો અપલોડ કરવા અને અરજી કન્ફર્મ કરી પ્રિન્ટ મેળવવાની રહેશે.